ક્રમાંક:રાપબો/TAT-S/૨૦૨૩/૧૮૦૧-૪૧
રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.,
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર,
તા.૧૪/૦૬/૨૦૨૩

પરીપત્ર:

અત્રેની કચેરીના તા:૦૧/૦૫/૨૦૨૩ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-S/૨૦૨૩/૫૪૩૬-૫૪૭૬ તથા અત્રેની કચેરીના તા.૧૩/૦૬/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/TAT-S/૨૦૨૩/૧૭૦૬-૧૮૦૦ થી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા માધ્યમિક શાળા(ધોરણ ૯ થી ૧૦)માં માધ્યમિક શિક્ષક તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) (TAT-S)-૨૦૨૩ ની મુખ્ય પરીક્ષા(વર્ણનાત્મક લેખિત સ્વરૂપ) તા:૧૮/૦૬/૨૦૨૩ રોજ નિયત કરેલ હતી. બિપરજોય વાવાઝોડા સંદર્ભે વિશાળ હિતને ધ્યાને લઈ હવે શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) (TAT-S)-૨૦૨૩ ની મુખ્ય પરીક્ષા (વર્ણનાત્મક લેખિત સ્વરૂપ) તા.૨૫/૦૬/૨૦૨૩ના રોજ ૧૦.૩૦ કલાક થી ૧૩.૦૦ કલાક અને ૧૫:૦૦ કલાક થી ૧૮:૦૦ કલાક દરમિયાન રાજ્યના અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, રાજકોટ, વડોદરા, અને સુરત ખાતે યોજાશે. આ પરીક્ષા માટેની હોલ ટીકીટ તારીખ:૧૯/૦૬/૨૦૨૩ નાં રોજ બપોરે ૧૪:૦૦ કલાકથી તા:૨૫/૦૬/૨૦૨૩ નાં રોજ સવારે ૦૯:૦૦ કલાક દરમિયાન ડાઉનલોડ કરી શકાશે. જેની સંબંધિતોએ નોંધ લેવા વિનંતી.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ.

**નકલ રવાના સવિનય જાણ સારૂ:**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી-શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી-શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, નવા સચિવાલય ગાંધીનગર.
- માન. સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. સંયુક્ત સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન. સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.